
# ‘સન્નારી’ કવર ગર્લ બનવું છે?

સન્નારીઓ, આપની લોકપ્રિય પૂર્તિ ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થતી તસવીર જોઈ તમને પણ ઈચ્છા થતી હશે કે કાશ, હું પણ ‘સન્નારી’ કવર ગર્લ બનું! તો રાહ કોની જુઓ છો? તમારી, તમારા ફેમિલી, સંતાનો સાથેની અવનવી અદામાં, કલરફુલ આઉટફિટ્સમાં, કોઈક એકિટવિટી કરતી તસવીર અમને નીચે આપેલા Email એડ્રેસ પર મોકલી આપો. અમને પણ તમારી તસવીર પ્રકટ કરવાનું ગમશે. તમારી બે-ત્રણ તસવીર ઊભી ફ્રેમમાં, હાઇ રિઝોલ્યુશનમાં હોવી જરૂરી છે.

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, સન્નારીને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો તમે તમારા વિચારો મોકલી જ શકો છો. તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહીં. **વાચકો, તમે પ્રતિભાવ, રેસીપી સૂચનો કે સન્નારીને અનુરૂપ કોઈ પણ લખાણ હવે English માં પણ મોકલી શકો છો. વાચકો તમારા માટે એક વધારાની સુવિધા. તમે તમારા ફોટોગ્રાફ્સ અને કોઈ પણ લખાણ અહીં આપેલા મોબાઈલ નંબરના વોટ્સએપ પર પણ મોકલી શકો છો. M: + 91 81539 99903.**

વાચકો, અમને વોટ્સએપ પર તમારો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. તમે તમારી તસવીર તથા સન્નારીને યોગ્ય લખાણ વધુમાં વધુ મોકલશો એવી અપેક્ષા.

Email: sannari@gujaratmitra.in










# પ્રિય સન્નારી



કેમ છો?

સુરતમાં ઠંડીનું બિલ્લી પગે આગમન થઈ રહ્યું છે એ સાથે એવું નથી લાગતું કે હાશ ગરમીથી છૂટકારો મળ્યો. આ વખતે તો વરસાદે ભારે કરી હતી. મે મહિનાથી જ વર્ષારાણી ડોકિયું કરી જ રહી હતી પોતાની ધમાકેદાર એન્ટ્રી માટે અને જૂનમાં રુમઝુમ રુમઝુમ કરતાં વરસાદનાં વધામણાં કરી દીધાં હતાં પણ પછી તો દેમાર વરસાદ ખમ્મા કરવાનું નામ જ નહીં લે. નવરાત્રીમાં પણ વરસાદે ઝૂમી લીધું. દિવાળીના ફટાકડાને સૂરસૂરિયા બનાવવાની મજા પણ વરસાદે લઈ લીધી પછી ઓક્ટોબરના એન્ડમાં આખરે વિદાય લીધી પણ ઓહ એ સમય.. હાય! ગરમીથી તોબા તોબા પોકારી ઊઠ્યાં હતાં. હવે ફૂલગુલાબી ઠંડીના દસ્તકથી ગરમીની હવા નીકળવા લાગી છે અને સવાર સવારમાં તો તનમનને આછી ધ્રુજારી આપતી અલમસ્ત ઠંડીમાં વોકિંગ કરવાની મજા સુરતીઓ માણવા લાગ્યા છે. અરે! અત્યારે તો તિબેટીયન સ્વેટર માર્કેટમાં ગરમ વસ્ત્રોની ખરીદી માટે સુરતીઓની અવરજવર ખાસ્સી વધી ગઈ છે. જો કે, ગરમ કપડાંનું શોપિંગ ઓછું પણ રીલ્સ બનાવવાની મજા યંગસ્ટર્સ વધારે લઈ રહ્યા છે. હજી તો ઠંડીનો ચમકારો વધ્યો નથી ત્યાં તો ઉબાડિયુંના સ્ટોલ લાગી ગયા છે અને તેનો ચટકારો લેવા સ્વાદશોખીન સુરતીઓ લાઈન લગાવવા લાગ્યા છે.

ગયા અઠવાડિયે જ બિહારની ચૂંટણીનું રિઝલ્ટ જાણવાની તાલાવેલીમાં આપણે ગુજરાતીઓ પણ કલાકો સુધી TVના સ્ક્રીન પર આંખો માંડીને બેઠા રહ્યાં. આપણને પણ આ ચૂંટણીનું રિઝલ્ટ જાણવાની ઉત્સુકતા બહુ હતી ને! ચૂંટણીની પળપળની ખબર જાણવા T.V. કેટલું ઉપયોગી નીવડ્યું ને! ગઈકાલે જ વર્લ્ડ ટેલિવિઝન ડે ઉજવાયો એટલે થોડું ભૂતકાળમાં ડોકિયું કરવાનું મન થઇ ગયું. 1982-83નો સમય એવો હતો જ્યારે મધ્યમવર્ગીય સુરતીઓના ઘરમાં પણ બ્લેક એન્ડ વ્હાઇટ T.V. ગોઠવાવાં લાગ્યાં હતાં. દૂરદર્શન પર ‘ચિત્રહાર’ જોવા જેમની પાસે ટીવી નહોતાં તેઓ જે ઘરમાં ટીવી હતાં ત્યાં બેઠક જમાવી દેતાં. ક્રિકેટ મેચ જોવા પણ સુરતની શેરીઓમાં, ગલીઓમાં, ભાગળ ચાર રસ્તા પર ટી.વી. ગોઠવી દેવાતાં હતાં. ઘણાં લોકોએ એકસાથે બેસીને ક્રિકેટ જોવાની મજા માણી લીધી હતી. તમે જો ચાલીસી વટાવી હશે તો કદાચ તમને પણ આછું આછું યાદ આવતું હશે કે સમયના એ કાળમાં ચૂંટણીઓ આવતી ત્યારે મતદાનના દિવસે દૂરદર્શન પર પિક્ચર બતાવતા. એ દિવસો તો હવે ફરી પાછા નથી આવવાના કેમ કે હવે એક પણ ઘર એવું નથી રહ્યું જ્યાં TV નહીં હોય પણ એ સોનેરી દિવસોને કોટ વિસ્તારના સુરતીઓ આજે પણ યાદ કરે છે. T.V.નું વળગણ આજે પણ ઓછું નથી થયું. રાત્રે TV સીરિયલની વણઝાર જોવા ફેમિલીના બધા જ મેમ્બર્સ દીવાનખંડમાં ગોઠવાઈ જાય છે. ‘તારક મહેતા કા ઊલ્ટા ચશ્માં’ જોયા વગર તો ગળાની નીચે કોળિયો નથી ઊતરતો. આજે મોબાઈલ ફોનનો જમાનો છે આમ છતાં તેના સ્ક્રીન પર પણ સીરિયલ, પિક્ચર્સ,મેચ જોવાની એટલી મજા નથી આવતી જેટલી મજા TV પર જોવાની આવે છે. જો કે 40-45 વર્ષ પહેલાં TV લોકોને એક કરતું હતું તે હવે સંભવ નથી પણ ઓલ્ડ ઇઝ ગોલ્ડની જેમ TVનું એ કલ્ચર હંમેશાં સુરતના જૂના લોકો માટે ગોલ્ડન મેમરી રહેવાનું.



ફૂલગુલાબી ઠંડીની મોસમ સાથે મેરેજ સિઝન પણ ફુલબહાર ખીલવા લાગી છે. તમે પણ તમારા મિત્રો કે સગાંસંબંધીનાં ઘરના મેરેજમાં મહાલી આવ્યાં હશો કે મબાલશો ને! આપણે તો સ્વાદના શોખીન એટલે લગ્નમાં પણ જઈએ તો ત્યાં મેનુ શું છે તે જાણી જ લઈએ અને ભૂખ ના હોવા છતાં ઇટાલિયન શું ને મેક્સિકન શું, ચાઈનીઝ ફૂડ, પાણીપૂરી, અલગ અલગ પ્રકારના સલાડ, મોઢામાં પાણી લાવી દે તેવી સ્વિટ્સ અને છેવટે આઈસ્ક્રીમ પેટમાં પધરાવીને જ સંતોષ લાગે. આપણે તો મુખવાસનો સ્વાદ લીધા વગર ઘરે રિટર્ન થઈએ જ નહીં પણ જાત જાતના ટેસ્ટ લેવામાં જો જો ઓવર ઇટિંગ નહીં થઈ જાય નહીં તો બીમાર પડશો તો ડોક્ટર તમારાં ખિસ્સાં પર કાતર ફેરવવા તૈયાર બેઠા જ હોવાના. મેરેજમાં જાત જાતની, ભાતભાતની ટેસ્ટી વાનગીઓ ચટ કરતા પહેલાં તમારા પેટનું ખાસ ધ્યાન રાખજો નહીં તો પેટ દગો આપશે એ સાથે ડોક્ટર માન ના માન મેં તેરા મહેમાનની જેમ ટપકી પડશે અને તમને ખર્ચાના ખાડામાં ઉતાર્યા વગર જંપશે નહીં. હા, ઠંડી પગપેસારો કરવા જ લાગી છે તો પછી ફાસ્ટ ફૂડ, જંક ફૂડથી થોડું ડિસ્ટન્સ રાખીને સ્વાસ્થ્યવર્ધક વસાણાંને માપસર ખાવાનું શરૂ કરી દો. ડિસેમ્બરમાં ઠંડી વધતાં જ વસાણાની સિઝન જામવા લાગશે અને કંદોઈની દુકાનોમાં સાલમપાક, અડદિયા, મેથી, ગુંદરપાક, ખજૂર અને અંજીરપાક તો ખરા જ સાથે સફેદ અને કાળા તલનું કચરિયું વેચાતું જોવા મળશે. મૂળ સુરતીઓ તો આજે પણ સ્વાસ્થ્યવર્ધક આ પાક ઘરે બનાવવાનું વલણ રાખે છે. તેનો સોદો ખરીદી લાવે અને ઘરે જ પાડોશી, સહેલીઓને બોલાવી 4-5 કિલોથી વધારે વસાણાં બનાવી પરિવારજનોને રોજ થોડું થોડું ખવડાવી ઠંડીમાં ગરમાટો આપશે. ચાલો સન્નારીઓ, વાતો ઘણી ઘણી થઈ હવે થોડી ઠંડીની મજા માણવા ઘરની બહાર નીકળીએ.

\- સંપાદક




‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર કુશલ ખાટીવાળા અને તોરલ ખાટીવાળાની છે. તેમને ટ્રાવેલિંગ, મ્યુઝિક અને મુવી જોવાનો શોખ છે.